# અમદાવાદના એડીશનલ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબ (કોર્ટ નં.૧૧) ની કોર્ટમાં.

**ફો.કેસ નં.૧૦૧૨૧૮/૧૯**

ફરીયાદી : સરકારશ્રી

વિરૂધ્ધ

આરોપી : સોનુ છુન્નાભાઈ પ્રજાપતી.

:–: જજમેન્ટ :–:

ફરીયાદપક્ષના કેસની હકીકત ટુંકમાં એવી છે કે:– આરોપીએ બનાવની તારીખે ચેનચાળા કરતા મળી આવી આ અદાલતની હકુમતમા જી.પી.એકટ ક. ૧૧૦, ૧૧૭ મુજબનો ગુનો કરેલ હોઈ આ અદાલતમા ચાર્જશીટ રજુ થયેલ છે. આરોપીએ ઉપરોકત હકીકતે ફરીયાદમાં જણાવ્યા મુજબ નો ગુનો કરેલ છે. તે ગુનો કબુલાત પુરસીસમાં ગુનો કબુલ રાખેલ છે. જે સ્વૈચ્છિક રીતે ગુનો કબુલ કરેલ હોવાની ખાત્રી કરી આ તેમનો પ્રથમ ગુનો હોય અને બાળ બચ્ચા વાળા માણસો હોઈ આર્થિક પરીસ્થિતી અને નબળા સંજોગો ધ્યાનમાં રાખી ઓછો દંડ કરવા અરજ કરેલ છે. નામદાર ગુજરાત હાઈકોર્ટનો ન્યાયમુર્તિ શ્રી જે.એન. ભટ્ટ સાહેબનો ચુકાદો લક્ષમા રાખી ઓછામા ઓછી સજા દંડ કરવા અરજ કરેલ હોઈ નીચે મુજબ હુકમ કરુ છુ.

## :: હુકમ ::

આરોપીને ક્રિ.પ્રો.કોડ કલમ–૨૫૨ અન્વયે જી.પી.એક્ટ ક. ૧૧૦, ૧૧૭ ના ગુનાના ભંગ બદલ રુા.૧૦૦/ ( સો પુરા )દંડ કરવામા આવે છે. આરોપીની ઉંમર જોતા તેમજ તેમના પરની જવાબદારી ધ્યાને રાખતા તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો State Of Gujarat Versus Natwar Harchandji Thakor 2005 (1) GLR 709 : 2005 (1) GCD 749 લક્ષમા રાખતા સજા કરવામા આવતી નથી.જો આરોપી દંડ ન ભરે તો દિન–૫ (પાચ)ની સાદી કેદની સજા ભોગવવાની રહેશે. આ કામે કબ્જે કરેલ વાહનના માલીકની ખરાઈ કરી તેને ઓળખ લઈ અપીલ સમય બાદ પરત સોંપવુ.

સ્પેશિયલ સીટીંગમાં હુકમ આજરોજ તા.૧૪/૧૨/૧૯ ના રોજ વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

| | | |
|---|---|---|
| | | ( એમ.જે.ખોજજાદા ) |
| તા.૧૪/૧૨/ ૨૦૧૯. | | એડીશ્નલ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,<br>(કોર્ટ નં.૧૧)<br>અ મ દા વા દ. |
| | | કોડ નંબર જી.જે. ૦૧૦૨૦ |

#VBVALA#